


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૮-૧૧-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક વદ ૧૩ વર્ષ : ૩૦ અંક ૮૩

## ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષને વધુ મજબુત બનાવવા ભાજપની કેન્દ્રીય નેતાગીરીનો નિર્ણય

# હવે ૪૦ વર્ષ નીચેના ઉમેદવારોને જ ટીકીટ આપશે ભાજપ

### હાલમાં જે ભાજપ કાર્યકરના પતિ કે પત્ની નગરપાલિકા કે, પંચાયતોમાં પદાધિકારી હશે તેવા કાર્યકરને ભાજપ દ્વારા ટીકીટ નહી આપવા નિર્ણય

### શ્રી નરેન્દ્ર મોદીની હોમપીચ ગુજરાતમાં ભાજપ સ્થાનિક ક્ષેત્રને મજબુત બનાવશે : ગ્રામીણ રાજકારણમાં નવા ચહેરાને અને યુવાનોને તક મળશે

નવીદિલ્હી,(ડેસ્કરિપોર્ટર)

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષને વધુ મજબુત બનાવવા ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ મહત્વનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.જેમા ભાજપ કાર્યકર્તાઓ માં કોણચૂંટણીલડીશકશે તેની ગાઇડલાઈન નકકી કરાઈ હોવાનું આધારભુત વર્તુળો દ્વારા જાણવા મળેલ છે.

ભાજપના આધારભુત વર્તુળોમાં થી જાણવા મળતી માહીતી અનુસાર ટુંક સમયમાં જ તાલુકા પંચાયતો, ગ્રામ પંચાયતો એ નગર પાલિકાની ચૂંટીણીઓ આવી રહી છે મતદાર યાદીઓ તૈયાર થઈ રહી છે અને તેમાં ભાજપ દ્વારા હવે ૪૦ વર્ષ નીચેના ઉમેદવારોને ટીકીટ આપવાનો નિર્ણય કરાયો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

ગુજરાતમાં નવા નવા અખતરામાં સફળ રહેલ ભાજપે નવો દાવ અજમાવે તેવી પુરી શકયતા છે.

જેમા હાલમાં જે ભાજપ કાર્યકરના પતિ કે પત્ની નગરપાલિકા કે, પંચાયતોમાં પદાધિકારી હશે તેવા કાર્યકરને ભાજપદ્વારા ટીકીટ નહીઆપવા નિર્ણય કરાયો છે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની હોમપીચ ગુજરાતમાં ભાજપ સ્થાનિકક્ષેત્રને મજબુતબનાવવા માટેઆ પગલુ લઈ રહયું છે જેનાથી ગ્રામીણ રાજકારણમાં નવા ચહેરાને અને યુવાનોને તક મળશે તેવું ગણીત મંડાઈ રહયું છે.

## અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમીશનનાં પ્રમુખ એ. એમ. પરમારનો મહત્વનો ચુકાદો

# અગાસી ઉપરથી પડનાર ટીડીઓના અકસ્માતમાં વિમા કંપનીને વ્યાજ સાથે રૂા. ૨૦ લાખની રકમ ચુકવવા આદેશ

### અરજદાર તરફે અમરેલીના સિનિયર એડવોકેટ શ્રી એમ. જે. સૈયદની ધારદાર દલીલો માન્ય

અમરેલી,

આ કેસની હકીકત એવી છે કે અરજદાર અનસુયાબેન કૃષ્ણકાંતભાઈ વાઢેર રહે.રાજુલાના પતિ શ્રી કૃષ્ણકાંતભાઈ પુનાભાઈ વાઢેર જાફરાબાદ મુકામે તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. અને ત્યાર બાદ નિવૃત થયેલ. તેઓએ તેમની હયાતીમાં એસબીઆઇ જનરલ ઈન્સ્યુરન્સ કુ.લી. નો એસબીઆઇ રાજુલા શાખા દ્વારા રૂા.૨૦ લાખનો પર્સનલ એક્સીડેન્ટનો વિમો લીધો હતો. તેઓનું તા.૧૭-૮-૨૦૨૪ ના રોજ તેમની મકાનની અગાસીમાંથી પડી જતા ઈજા થતા તેનું મૃત્યુ નિપજેલ હતુ.



જેનો કલેઈમ મરનારના વારસતરીકે તેમના પત્ની અનસુયાબેનને નોંધાવતા એસબીઆઇ જનરલ વિમા કુ.એ. તેનું મૃત્યુ હાર્ટ એટેકથી થયુ છે. અકસ્માતની ઈજાઓને કારણે થયેલ નથી તેમ જણાવી કલેઈમની રકમ આપવાની ના પાડેલી.

જે અંગે અનસુયાબેને અમરેલી ગ્રાહક તકરારમાં રૂા.૨૦લાખ મળવા કેસ કરતા અરજદાર તરફે એડવોકેટ એમ.જે.સૈયદે સુપ્રિમ કોર્ટ તથા અન્ય કોર્ટોમાં ચુકાદા ટાંકી ધારદાર દલીલો કરેલ. ગ્રાહક તકરારના પ્રમુખ એ.એમ.પરમાર તથા સભ્ય શ્રીમતી એ.ડી.ગોસાઈએ ફરીયાદ મંજુર કરી એસબીઆઇ જનરલ વિમા કુ.લી. ને અકસ્માતથી મૃત્યુ થયેલ હોય તેમ ઠરાવી વિમાની રકમ રૂા.૨૦ લાખ અરજીની તારીખથી ૯ ટકા વ્યાજ તથા ખર્ચ સાથે દિન-૩૦ માં ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કામે અરજદાર અનસુયાબેનના વકીલ તરીકે અમરેલીના જાણીતા સિનિયર એડવોકેટ એમ.જે.સૈયદ રોકાયા હતા.

# ધારી નજીક વાહનની ઠોકરે દિપડીનું મોત

### દિપડીના મૃતદેહને પીએમ માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડાયો

અમરેલી,

ધારીના નાગધ્રા ગામ પાસે અજાણ્યા વાહનની ઠોકરે દિપડીનું મોત થયું હતું. આ બનાવની જાણ વનવિભાગને કરાતાં દિપડીના મૃતદેહને પીએમ માટે એનિમલ કેર સેન્ટરમાં ખસેડી અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી ચાલકની શોધખોળ હાથ ધરી છે. દિપડીને વાહનની હડફેટે લેતાં મોત બનાવના પગલે રોડ ઉપર ટ્રાફિકજામ થઈ ગયો હતો. ધારી ગીરપુર્વના ડીસીએફ રાજદિપસિંહ ઝાલા સહિત સ્ટાફ બનાવ સ્થળે પહોંચ્યો હતો, અને જરૂરી કાર્યવાહી કરી હતી.

## બેંકમાં ચોરીની કોશિશની ગંભીર ફરિયાદ ૨૪ કલાક મોડી અપાઈ

# બાબાપુર બેંકમાં ચોરીની કોશિશ : રૂપિયા ૬૦ લાખની કેશ અને ગીરવે મુકાયેલ સોનાના ઘરેણા બચી ગયા

### તારીખ ૨૫ અને ૨૬ મી રાત્રિના બેંક ઓફ ઇન્ડીયાના તાળા તોડી રૂમના દરવાજાના તાળા તોડી તિજોરી તોડવાનો પ્રયાસ કરાયો તિજોરીની ચેનલના તાળા તુટ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના બાબાપુર ગામે આવેલી **bank of india** માં તસ્કરોએ તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો પરંતુ સદનસીબે રૂપિયા ૬૦લાખની રોકડ રકમ અને સોનાના ગીરવે રખાયેલા દાગીનાઓ સલામત રહ્યા હતા.

આ ઘટનાની વિગતો પ્રકારની છે કે તારીખ ૨૫ અને ૨૬ મી રાત્રિના કોઈ ચોર બેંકના મુખ્ય દરવાજા ના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા અને સ્ટ્રોંગ રૂમના તાળા તોડી તિજોરી સુધી પહોંચી ગયા હતા તિજોરીના તાળા પણ તોડવાની કોશિશ કરી હતી જેમાં તિજોરીની ચેનલના તાળા તૂટ્યા હતા પરંતુ સદનસીબે અંદર રહેલી રૂપિયા ૬૦ કેસ અને સોનાના ઘરેણાઓ પડ્યા રહ્યા હતા બેંકમાં સ્ટેશનરી અને બીજી વસ્તુઓ વેરવિખેર કરી નાખવામાં આવી હતી આ ઘટના અંગે બાબાપુર બેંક ઓફ ઈન્ડીયાના બેંકના મેનેજર નરેશકુમાર

(અનુ.પાના નં.૩)
























## ઘુઘરીયાળી માતાજી મંદિર દ્વારા દર વર્ષની જેમ ભવ્ય સમુહલગ્નનું આયોજન

# રાજુલામાં તૃતીય સમૂહલગ્નોત્સવ યોજાયો

**૧૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા : સંતો મહંતોના આશિર્વચન**

**મહામંડલેશ્વરશ્રી દાસબાપુ, શ્રી મુકેશદાસબાપુ ચાંદલીયા, શ્રી રામનોહરદાસબાપુ, શ્રી ઉર્જામૈયા બારપટોળી સહિત સંતો અને ચેમ્બરનાં શ્રી મહેતા, શ્રી ધીરૂભાઇ ધાખડા, શ્રી હડીયાની ઉપસ્થિતિ**

**ભવ્યાતિભવ્ય સમુહલગ્નમાં ઉદાર હાથે કરિયાવર અપાયો : ભાવિકોનો સહયોગ**







રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા શહેર નજીકઆવેલાઘુઘરીયાળીમાતાજી મહંત શ્રી અશોક બાપુ નિમાવત દ્વારાસમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા આ પ્રસંગે મહંત શ્રી માનવમંદિર ભક્તિરામબાપુસાવરકુંડલા મહામંડલેશ્વર દાસ બાપુ ધામ મહંતશ્રી મુકેશદાસબાપુચાંદલીયાડુંગર શ્રીહિતેશ દાદા રામ મનોહર દાસજી અમરેલી ઉર્જા મૈયાબારપટોળીતથાપીપાઓનામહંતશ્રી મહેશબાપુશહીતઉપસ્થિતરહ્યાહતાઅને નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે રાજુલા ચેમ્બરના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતા તથા ધીરુભાઈ ધાખડા તથા ભાવેશભાઈ વ્યાસ તથા હિતેશભાઈ હડિયા આકાશ ગૌસ્વામી તથા વીરભદ્રભાઈ ડાભીયા શહીદ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું આયોજન ઘુઘરીયાળી માતાના મહંત શ્રી અશોકબાપુ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા હીનાબેન તથા કૃપાથી તથા અનેરી નિમાવત શ્રી રૂપાંગી તથા મીતાંશુનિમાવતભારેજહમતઉઠાવીહતી આમ જગ્યાના મહંત અશોક દ્વારા અવારનવાર ધાર્મિક કાર્યક્રમનુંઆયોજન કરવામાંઆવેછે

## સ્વ. ઝવેરચંદ મેઘાણીના વડવાઓના વતન સમા

# બગસરામાં વર્ષ ૨૦૨૬માં માનસ મેઘાણી કથા આપવા શ્રી મોરારીબાપુએ જાહેર કર્યું

**બગસરા શહેર મેઘાણી સાહિત્ય વર્તુળ તેમજ શિવાગ્રુપ સહિતની સંસ્થાઓમાં આનંદ**





બગસરા, (રૂપેશ રૂપારેલીયા) રાજકોટમાં ચાલતી પ.પૂ.શ્રીમોરારીબાપુની કથામાં પ.પૂ.શ્રીમોરારીબાપુએ રા.શા.સ્વ.શ્રીઝવેરચંદ મેઘાણીજીના વડવાઓનુ વતન બગસરા ખાતે વર્ષ ૨૦૨૬મા રા.શા.સ્વ.શ્રીઝવેરચંદ મેઘાણીજીની માર્ચ આસપાસ માનસ મેઘાણી કથાનો મનોરથ પૂ.શ્રીમોરારીબાપુએ વ્યક્ત કર્યો ત્યારે બગસરા શહેર તેમજ બગસરા મેઘાણી સાહિત્ય વર્તુળ શિવાગ્રુપ તેમજ અનેક સંસ્થાઓ અને ધાર્મિક મંડળોમાં હર્ષ અને હુલાસની લાગણી અત્યારથીજ જોવા મળી રહીછે અત્રે ઉલ્લેખનીય છેકે આશરે વર્ષ૧૯૭૯મા પરમ પૂજ્ય શ્રીમોરારીબાપુએ બગસરા શહેરમા કથાનું રસપાન કરાવેલ ત્યારે આજથી સુડતાલીસ વર્ષ પછી પૂ.મોરારીબાપુ બગસરા શહેરમાં માનસ મેઘાણી કથાનું રસપાન કરાવશે

## શ્રીમતી એસ. એચ. ગજેરા સ્કૂલ કેમ્પસ ખાતે

# અમરેલીમાં ભારતીય બંધારણ દિવસ ઉજવાયો

**બંધારણ વિશે વિદ્યાર્થીઓને અવગત કરાયાં : શિક્ષકો કાર્યક્રમમાં જોડાયાં**





અમરેલી,ભારતમાંલોકશાહીબંધારણછે જે ભારતમાં દર વર્ષે ૨૬ નવેમ્બરે દિવસે ઉજવાય છે. ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલના વિદ્યાર્થીઓદ્વારાચિત્ર,સ્પીચઅનેનિબંધ લેખન દ્વારા ભારતના બંધારણીય દિવસ ની ખુબ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓને બંધારણ વિશે અવગત તેમજ વિદ્યાર્થીઓમાં આર્થિક, રાજકીય અને સામાજિક નિયમોથી અવગત કરાવવામાં આવ્યા. આપણે મૌલિક કર્તવ્ય આપણને આપણી જવાબદારી પણ યાદ અપાવી જરૂરી છે, જેથી વિદ્યાર્થીઓમાં બંધારણીય આદર્શો વિશે જાગૃતિ લાવવાના ઉપદેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સાથે શિક્ષકો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.આ વખતે ૨૬ નવેમ્બરે ભારતમાં બંધારણ સ્વીકારના વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને ૧૦ સંવિધાન દિવસ પણઉજવીરહ્યોછે.બંધારણએભારતના લોકશાહી, બિનસાંપ્રદાયિક અને સમતાવાદી માળખાને વ્યાખ્યાયિત કરતો મૂળભૂત દસ્તાવેજ છે. છેલ્લા સાત દાયકાઓમાં, તેણે ભારતના શાસનના મુખ્ય સિદ્ધાંતો -ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ખાતરી કરીને રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તનોદ્વારારાષ્ટ્રનેમાર્ગદર્શન છે.આ મૂલ્યોને દર વર્ષે બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## શ્રી અંટાળેશ્વર મહાદેવ તથા રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા

# અંટાળીયામાં વિનામુલ્યે નેત્રયજ્ઞ યોજાશે

**સુદર્શન નેત્રાલય અમરેલીના સહયોગથી વિનામુલ્યે કેમ્પ**

અમરેલી,

શ્રી અંટાળેશ્વર મહાદેવ તથા રામજી મંદિર ટ્રસ્ટ દ્વારા અંટાળીયામાં નેત્રનિદાન કેમ્પ યોજાનાર છે. સુદર્શન નેત્રાલયના સહયોગથી અને મુખ્યદાતાશ્રી જયંતિભાઈ વિરજીભાઈ બાબરીયા તથા ધનજીભાઈ જશમતભાઈ રાખોલીયાના સહયોગથી દર મહિનાના પહેલા રવિવારે સવારે ૯ થી ૧૨ અંટાળીયા મહાદેવ મંદિરે કેમ્પ યોજાઈ છે. તે મુજબ આ વખતે પણ રવિવારે કેમ્પ યોજાશે. જેનો લાભ લેવા જણાવાયું છે. કેમ્પમાં નેત્રનિદાન સારવાર, ઓપરેશન, આંખના નંબરની તપાસસહિતનીસુવિધામફતઆપવામાં આવે છે. વધુ માહિતી માટે વિઠલભાઈ માંડલીયા, દિનેશભાઈ જોગાણી, ભુપતભાઈ કનાડાનો સંપર્ક કરવો તેમ અંટાળેશ્વર મહાદેવ તથા રામજી મંદિર ટ્રસ્ટવતી મહંતશ્રી દશરથદાસબાપુ, પ્રમુખ નાનુભાઈ વેકરીયા, ઉપપ્રમુખ ભુપતભાઈ કનાડા, સુરેશભાઈ રૂપારેલીયા, આર.એન. ડોબરીયા તથા ખજાનચી હિંમતભાઈ કાવાણી, મંત્રી વિઠલભાઈ માંદલીયા, સહમંત્રી પદે કાનજીભાઈ અંટાળીયા, રમેશભાઈ પોલરા, હિંમતભાઈ રામાણી, સહ ખજાનચી પદે મનસુખભાઈ સોજીત્રા તથા સતિષભાઈ ઉકાણી તથા ટ્રસ્ટીઓ અને સમગ્ર સેવકગણે જણાવ્યું છે.

## પુ. સંતશ્રી શિરોમણી ચેતન સમાધી સાનિધ્યે

# સાવરકુંડલામાં પુ. સંતશ્રી આપાલાખાની જગ્યામાં ભવ્ય સંતવાણી ડાયરો યોજાશે

**શ્રી સુનિલભાઇ પરમાર, શ્રી જયેશભાઇ પરમાર, શ્રી નરસીંહભાઇ સોલંકી શ્રી હેમંતભાઇ પરમાર, શ્રી સચિનભાઇ ઉસ્તાદની ટીમ સંતવાણી રજુ કરશે**

અમરેલી,સાવરકુંડલામાં સંતશ્રી આપાલાખાની ચેતન સમાધી ખાતે ભવ્ય સંતવાણીકાર્યક્રમતા.૮-૧૨-૨૪નેરવિવારે યોજાશે. સવારે ૬ વાગ્યે મંગલા આરતી બાદ સમાધીપુજા અને ૮-૩૦ કલાકે ધ્વજારોહણ, સવારે ૯ કલાકે સામૈયા અને સાંજ ૭ કલાકે મહાપ્રસાદ તથા રાત્રીના ૧૦ કલાકે સંતવાણી કાર્યક્રમમાં કલાકારો સુનિલભાઈ પરમાર, જયેશભાઈ પરમાર, નરસિંહભાઈ સોલંકી, હેંમતભાઈ પરમાર, સચિનભાઈ ઉસ્તાદની ટીમ સંતવાણીની જમાવટ કરશે. આ પ્રસંગે સ્વામીશ્રી ૧૦૦૮ ગોવિંદગીરીબાપુ જુનાગઢ, શ્રી લાલદાસબાપુ જોધલપીર આશ્રમ કેસરડી, શ્રી રામજીવનદાસ કબીરદાસ આશ્રમ કુંડલા, રતિરામબાપુ વણોટ, શ્રી હસુનાથબાપુ ભૈરવમંદિર, મહંતશ્રી કરશનભગત, નાના માચીયાળા, શ્રી અરવિંદબાપુ સાવરકુંડલા, શ્રી મનગભગત સાવરકુંડલા, શ્રીરામજીભગત સાવરકુંડલા, શ્રી વિનુગીરી સવાઈગીરી કુંડલા, શ્રી સીતારામબાપુકુંડલા, શ્રીજયંતિબાપાશાપર, શ્રી મોહનદાસબાપુ ધારી, શ્રી મુડીમાની જગ્યા ગુરૂગાદીચલાલા, શ્રી મનિષાદીદી, શ્રી ચંદ્રીકાબેન લાલધામ, શ્રી શાંતાભારતી સાવરકુંડલા અને નામી અનામી સંતો મહંતો પધારશે. લાખાભગતની જગ્યા સાવરકુંડલા ખાતે કાર્યક્રમનો લાભ લેવા શ્રીલાખેવ ઉત્સવ સમિતી વતી મહંતશ્રી નાનજીભગત આપાલાખાની જગ્યા કુંડલા દ્વારા જણાવાયું છે.

# મોરબી નજીક મહાકાલી માતા મંદિરના મહંત પુ. દયાનંદગીરીબાપુનો ૧૩૨માં વર્ષમાં પ્રવેશ

**અવતરણદિને ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી**



પાટી,

સૌરાષ્ટ્રનાપ્રસિધ્ધમહાકાલી મંદિર મહંત પુ.દયાનંદગીરીબાપુનો આજે જન્મદિન છે. આજે ૧૩૨ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. રાજકોટ ટંકારા મોરબીથી હળવદ વચ્ચે આવેલ ચરાડવા ગામ ખાતે મહાકાલી મંદિરની તેમણે સ્થાપના કરી હતી. આજે યાત્રાધામ બની ગયું છે. નાનાબાપુ પુ. અમરગીરીબાપુ મહાકાલી આશ્રમની વ્યવસ્થા સંભાળી રહ્યા છે. દયાનંદગીરીબાપુના અવતરણદિને પાટી ગામના પુર્વ ઉપસરપંચ ભીખુભાઈ બોરીસાગરે દર્શન કરી આશિર્વાદ લીધા હતાં અને ધન્યતા અનુભવી હતી.

# જાફરાબાદના લોર પ્રાથમિક શાળાના શિક્ષકને ભવ્ય વિદાયમાન અપાયું

**પોતાના વતનમાં બદલી થતાં ભવ્ય સન્માન સાથે વિદાય**



લોર, (ડીડી વરૂ)

જાફરાબાદના લોર પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી અશ્વિનભાઈ નારણભાઈ સોસાની પોતાના વતનમાં બદલી થતાં શાળામાં વિદાયમાન સમારોહ યોજાયો હતો. ગીર સોમનાથના વેળવા ગામના વતની શ્રી સોસાએ લોર ગામમાં ૧૪ વર્ષ અને ૪ માસ અને ૨૦ દિવસ નોકરી કરી હતી. તેમની ગીરગઢડાના પાંડેરી પ્રા.શાળામાં બદલી થતાં ગામના સરપંચ અશોકભાઈ, ડીડી વરૂ, મનિષભાઈ જાદવ, એન.કે. લેઉવા અને વાલીઓની ઉપસ્થિતિમાં સરપંચશ્રી અશોકભાઈએ શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. ડીડી વરૂએ સાકર પડો, નાળીયેર, શાલ ઓઢાડી સન્માન કર્યુ હતુ અને વિદાય આપી હતી. ગામના લોકો તથા શાળાના વિદ્યાર્થીઓએ ભવ્ય વિદાય આપી હતી.

## ઉમરાળાના ચોગઠનો ડ્રાઇવર ઝડપાતાં સાત ઘરફોડ ચોરીઓ કબુલી

# પાંચતલાવડા ગામના અગ્રણી સેવાભાવી શ્રી અમરાભાઇ ખુમાણનું નિધન : ઘેરોશોક

**સમગ્ર ખુમાણ પરિવારમાં વ્યાપી ગયેલો ઘેરો શોક : ગુરૂવારે સદગતનું બેસણું**



પાંચતલાવડા, (સુરેશભાઈ ખુમાણ) લીલીયાના પાંચતલાવડાના વતની અને લાઠી તાલુકા પંચાયતની શાખપુર પાડરશીંગા બેઠકના અપક્ષ સદસ્યના મામાસસરા તથા બાબાભાઈ વિક્રમભાઈ અને રમેશભાઈના બાપુ અમરાભાઈ નાજભાઈ ખુમાણ ઉ.વ.૭૭નું તા. ૨૬ના રોજ અવસાન થતાં સમગ્ર ખુમાણ પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. તેમનું બેસણું તા. ૨૮ને ગુરૂવારે સવારે ૯ થી ૫ તેમના નિવાસ સ્થાન શાખપુર ખાતે રાખેલ છે. સદગતના નિદાનના સમાચારો પ્રસરી વળતાં આ પંથકમાં ઘેરોશોક વ્યાપી ગયો છે. વિવિધ ક્ષેત્રના આગેવાનો સહિતે શોક વ્યકત કરી શ્રદ્દાસુમન અર્પણ કર્યા હતાં અને ખુમાણ પરિવારને સાંત્વના પાઠવી હતી.

**મકાન વેચવાનું છે**

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)

સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**અવધ ટાઇમ્સ ડીંગ ડોંગ ડીસ્પ્લે જાહેરખબર**

ચમત્કારીક પરિણામો મેળવવા માટે આપની જાહેરખબર આપવા અવધ ટાઇમ્સ કાર્યાલયનો સંપર્ક સાધો.

॥ શ્રી વલ્લભ ॥

૨૦૨૫ની આકર્ષક નવી ડીઝાઈનમાં બોક્ષ - સેમી બોક્ષ માં લગ્ન **કંકોત્રી** માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.

**શ્રીનાથજી કાર્ડ & પેપર્સ**

નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**એસટી ડેપો સામે દુકાન વેચવાની છે**

અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે, જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે **દુકાન વેચવાની છે**

સંપર્ક સમય : બપોરે ૨ થી ૫

મો. ૯૪૨૬૪ ૨૨૬૭૬

FASTag Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

**મિતુલ ટ્રેડર્સ** નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

### અમરેલી જીલ્લામાં ડિરેકટોરેટ ઓફ પ્રોસીકયુશન ગુજરાત રાજય તથા જીલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા

# અમરેલી કોર્ટમાં સંવિધાન દિવસ ઉજવાયો

**અમરેલી ડિસ્ટ્રીકટ કોર્ટમાં નવા બનાવેલા ૧૨ રૂમમાં જજશ્રીઓ સરકારી વકીલો,બારના હોદેદારો,પોલિસ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રાસંગિક પ્રવચનો અને રાષ્ટ્રગાન સાથે ઉજવણી કરાઇ : સુંદર આયોજન કરાયું**

**આપણને વિશ્વનું સૌથી સારૂ બંધારણ મળ્યું છે. બંધારણમાં સ્વાતંત્રતા અને સન્માનતાની વાત કરી છે આપણી જે ફરજો છે તેને આપણે ઘ્યાને લેવી જોઇએ : ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી રિઝવાનાબેન બુખારી**




અમરેલી,

અમરેલી જીલ્લામાં ડિરેકટોરેટોપ્રોસીકયુશન ગુજરાતરાજય તથાજીલ્લાસરકારીવકીલનીકચેરીદ્વારા અમરેલીકોર્ટમાંનવા૧૨રૂમમાંતા.૨૬-નવેમ્બર ૨૦૨૪ માં ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે પ્રથમ રાષ્ટ્રગાન કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સહિત અન્ય જજીશોનું બુકે અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી રીઝવાનાબેન બુખારી,જોઈન્ટ ડ્રિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી સૈયદ ,ચીફ જયુડી.મેજી.શ્રી.નાઈ.સેકન્ડ સિવિલ જજ શ્રી વ્યાસ,ડી.એલ.એસ.શ્રી ત્રિવેદી, સરકાર વકીલ જે.બી.રાજયગુરૂ,મમતાબેન ત્રિવેદી,વિકાસભાઈ વડેરા તથા વકીલ મંડળના પ્રમુખ એન.પી. ગીડા તથા બારના સભ્યો વકીલો,ડીવાયએસપી શ્રી ગોહિલ ઉપસ્થિત રહયા હતા.આ પ્રસંગે ડ્રિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ શ્રી રીઝવાનાબેન બુખારીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે જીલ્લા સરકારી વકીલ શ્રીની કચેરી દ્વારા સંવિધાન દિવસની ઉજવણીનું આયોજન કરાયું છે.આપણને વિશ્વનું સૌથી સારૂ બંધારણ મળ્યું છે. બંધારણમાં સ્વતંત્રા અને સન્માનતાની વાત કરી છે. આપણી જે ફરજો છે તેને આપણે ઘ્યાને લેવી જોઈએ.અને ખાસ ભારપુર્વક જણાવેલ કે આપણે પર્યાવરણનું જતન કરવા માટે પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવો જોઈએ.અને તેની જગ્યાએ કપડાની બેગનો ઉપયોગ કરવો જોઈએ.શ્રી ખીમસુરીયાભાઈએ જણાવેલ કે દેશના બંધારણ માટે ૭ સભ્યોની કમીટીમાં ડો.બાબાસાહેબ આંબેડકર ચેરમેન હતા.ત્યારપછી ૧૯૪૯ માં બંધારણ અમલમાં આવેલ.અને ૨૦૧૫થી નરેન્દ્રભાઈ મોદીદ્વારા બંધારણ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી છે.

સીનીયર એડવોકેટ એમ.જે.સૈયદે જણાવ્યું હતું કે રાષ્ટ્ર મજબુત થાય તે માટે આપણે બંધારણ દિવસની ઉજવણી કરીએ છીએ.વડાપ્રધાન જવાહરલાલ નેહરૂના સમયમાં બંધારણનો અમલ શરૂ થયો હતો.અને બંધારણ ડો.બાબાસાહેબ આંબેડકરે આપ્યું હતું.તે બંધારણમાં બિનસાંપ્રદાયિકની વાત છે. તમામ કોમ ધર્મના લોકો એક છે. તેથી મજબુત રાષ્ટ્ર છે.એડવોકેટ અજયભાઈ પંડયાએ જણાવ્યું હતું કે લોકોને સંવિધાન વિશેની સમજ પડે અને દેશની અખંડિતતા જળવાય રહે તે માટે ડો. બાબાસાહેબ આંબેડકરના સ્વપ્નને સાકાર કરીએ.બાર એસો.પ્રમુખ શ્રીગીડાએ જણાવેલ કે બંધારણ સમયે ૨૮૪ જેવી સહીઓ થઈ હતી. જેમાં ૧૫ લેડીજની સહીઓ હતી. અને બંધારણ ઘડવા માટે આપણે ડો.બાબાસાહેબ આંબેડકરનો આભાર માનીએ તેમ જણાવ્યું હતું.કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી જે.આર.વાળા અને આભારવિધિ મમતાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

### લોઠપુરથી છારા જતી ગેસ પાઇપ લાઇન માટે

## કોન્ટ્રાકટરનું બીલ મંજુર કરી દેવાશે તો ટીંબીના ખેડૂતો દ્વારા આંદોલન થશે

**ગાંધી ચિંધ્યા માર્ગે જવા ખેડૂતો સહિત ગ્રામજનોએ ચિમકી આપી**

અમરેલી,

લોઠપુરથી છારા જતી ગેસ પાઈપલાઈનમાં વચ્ચે જાફરાબાદનું ટીંબી આવે છે. ત્યાં ખેડૂતોની ખેતીવાડી વચ્ચે ગેર પાઈપલાઈન નાખવાનું કામ ૧૫ જુને પુરૂ થઈ ગયું છે જેમાં ગટરની બન્ને બાજુ ૧૫થી ૨૦ મીટર સુધી ખેડૂતોની જમીન વાવવા લાયક રહી નથી. હાલ મોટા પથ્થર, ઢોરા ઢચકા રહ્યા છે. અતિ વરસાદને લીધે ગટર દોઢથી બે ફુટ નીચે બેસી ગઈ છે. ચોમાસામાં ગટરની બન્ને બાજુ ખેડૂતોની જમીન પડતર રહેલ છે. શિયાળાની સિઝનમાં પણ પાક લેવાય તેવી શકયતા નથી કોન્ટ્રાકટર કે કોઈ જવાબદાર અધિકારી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી નથી. અને મોટુ નુકશાન વેઠવાનો વારો આવે તેમ છે .ખેડૂતોએ પોતાના ખર્ચે ટ્રેકટર જેસીબી દ્વારા પથ્થરો માટી ખસેડવા કામગીરી કરેલ છે. જેનું વળતર મળ્યું નથી. બીજી બાજુ સ્વખર્ચે રિપેરીંગ કર્યુ તેને પણ નુકશાન થયું છે. લેખિત મૌખીક રજુઆત છતાં કોઈ જવાબ મળેલ નથી તેથી ટીંબી ગામના ભોગ બનનાર ખેડૂતોએ કોન્ટ્રાકટરનું બિલ ના મંજુર કરવા ગુજરાત સ્ટેટ પેટ્રોનાઈટ કંપનીને રજુઆત કરી છે અને જણાવ્યું છે કે બિલ મંજુર કરવામાં આવશે તો ટીંબી ગામના ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અથવા કલેકટર કચેરીનો ઘેરાવ કરશે. તેની સંપુર્ણ જવાબદારી કંપનીની રહેશે તેમ ભાલાળા ઘનશ્યામભાઈએ ગુજરાત પેટ્રોનાઈટને લેખિતમાં રજુઆત કર્યાનું જણાવ્યું છે.

## અમરેલી જિલ્લાની તમામ કોર્ટોમાં ૧૪મી ડીસેમ્બરે નેશનલ લોક અદાલતો યોજાશે

**અમરેલી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ચેરમેન અને ડીસ્ટ્રીક્ટ જજનાં અધ્યક્ષ પદે આયોજન**

અમરેલી,

તારીખ ૧૪ મી ડીસેમ્બર ૨૦૨૪, શનિવાર ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજના અધ્યક્ષ સ્થાને અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત નું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલત નો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજ્ય ના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના મુખ્ય સંરક્ષકશ્રી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના અધ્યક્ષ જસ્ટિસશ્રી દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિ ને જરૂરી માર્ગદર્શન આપેલ છે.આ લોક અદાલત માં રાજ્ય ના કોઈપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટ માં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદનને લગતા કેસ, કામદાર માલિક ને લગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાનલાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે. આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટ માં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસ નો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજ્ય કાનૂની સેવા મંડળ ની વેબસાઈટનો સંપર્ક કરવાં આથી અમરેલી જિલ્લાની તમામ જાહેર જનતા તથા તમામ પક્ષકારોને આર.વાય.ત્રિવેદી ફુલ ટાઈમ સેક્રેટરી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમરેલી દ્વારા જણાવાયું છે.

### જય વેલનાથ સુમહલગ્ન સમિતી અમરેલી દ્વારા

## અમરેલીમાં સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ યોજાશે

**સર્વજ્ઞાતિ તથા એસસી, ઓબીસી, એસટી, માઇનોરીટી માટે બે તબક્કે આયોજન**

અમરેલી,

જય વેલનાથ સમુહલગ્ન સમિતી અમરેલી દ્વાર સર્વજ્ઞાતિ તથા ઓબીસી, એસસી, એસટી , એનટી, ડીએનટી, માઈનોરીટી સમાજના બે તબક્કામાં સમુહલગ્ન અમરેલી, ગાવડકા ખાતે તા.૨૬-૧-૨૫ અને અમરેલીમાં ૨૮માં સમુહલગ્ન યોજાશે. જેમાં ૧૧૧ વસ્તુઓ ભેટ અપાશે. આ સમુહલગ્નોત્સવમાં સરકાર દ્વારા મળતી સહાયો પણ અપાવાશે. નામ નોંધણી માટે ધીરૂભાઈ મકવાણા ૯૮૭૯૨ ૭૭૬૮૪, ભીખુભાઈ ચાવડીયા ગાવડકા ૯૬૩૮૦ ૮૯૨૯૧ તથા અક્ષર ઓનલાઈન કેન્દ્ર નારણ પ્લાઝા ભીડભંજન સામે અમરેલી ૯૮૨૫૨ ૭૮૭૨૯નો સંપર્ક કરવા ધીરૂભાઈ મકવાણા, ભીખુભાઈ ગાવડકા, મુકેશભાઈ સોલંકીએ જણાવ્યું છે.

## પાળીયાદમાં પુજયશ્રી વિહળાનાથના દર્શને ભાવનગરના રેન્જ આઇજી શ્રી ગૌતમ પરમાર

**દર્શન કરી ગૌશાળા અને રાજાશાહી વખતની ફોરવ્હીલનું નિરીક્ષણ કર્યુ**



રાજુલા,(કનુભાઈ વરૂ) સુપ્રસિદ્ધ પાળીયાદ ખાતે વિહળાનાથ ની જગ્યા ખાતે ભાવનગરના રેન્જ આઈજી શ્રી ગૌતમ પરમાર આજે વિહળાનાથ ની જગ્યામાં દર્શન કર્યા તેમજ ગીર ગાયો અને ગૌશાળા નિરીક્ષણ કર્યું તેમજ રાજાશાહી વખતની ફોરવીલર નું નિરીક્ષણ કર્યું અને જગ્યાના પ્રતિનિધિ દ્વારા શ્રી રેન્જ આઈજી ગૌતમ પરમાર નું બહુમાન કરવામાં આવ્યું હતું અને આ જગ્યા અન્નક્ષેત્ર ધાર્મિક પ્રવૃત્તિ વ્યવસ્થા ગાયો પક્ષીઓ નિરીક્ષણ કરી રાજીપો વ્યક્ત કર્યો હતો

## ધારાસભ્ય શ્રી મહેશ કસવાળા દ્વારા વયોવૃદ્ધો માટે સ્પેશ્યલ કેમ્પ

## સાવરકુંડલામાં આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ યોજાશે

**સાવરકુંડલા ગ્રામ્યના ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આયોજન**



સાવરકુંડલા,સરકારશ્રીની વિવિધ યોજનાઓ ઘર ઘર સુધી પહોંચે તે માટે કાર્યશીલ ધારાસભ્ય મહેશ કસવાલા હંમેશા અગ્રેસર આવ્યા છે ને થોડા દિવસ પહેલા પોતાની સત્વ અટલધારા કાર્યલાય ખાતે ૭૦વર્ષકે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ માટે સ્પેશ્યલ અયોગ્ય વિભાગના સહયોગથી આયુષ્યમાન વય વંદના કાર્ડ કાઢવાનો કેમ્પ રાખવામાં આવેલ હતો જેમાં ભવ્ય સફળતા મળી હતી ત્યારે શહેર સાથે ગ્રામીણ ગામડાઓમાં વ્યોવૃધોને આ સરકારશ્રી ની યોજનાનો લાભ રહે તેવા શુભ હેતુ સાથે સાવરકુંડલા તાલુકાના ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓને ઘર આંગણે આયુષ્યમાન વય વંદના કાર્ડ મળી શકે તેવું સુંદય આયોજન કરવામાં આવ્યું છે જેમાં જીરા, જૂનાસાવર, વંડા, મોટા ઝિંઝુંડા, ગાધકડા, વીજપડી, બાઢડા અને આંબરડી ખાતે કાલે સવારે સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી નું આયોજન કરવામાં આવેલ છે તેમ સત્વ અટલ ધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શ્રી વિવેકસ્વરૂપ સ્વામીના અધ્યક્ષપદે બગસરામાં ગૌસેવા માટે બેઠક યોજાશે

**ગાયોની સારી સંભાળ થઇ શકે તેવા હેતુથી બેઠકમાં ચર્ચા વિચારણાઓ કરાશે**

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)બગસરા શહેરમાવસતાતમામનાગરિકોનીસુખકારી માટેઆજનાદુષિતસમયમાસહુનુંજળવાઈ રહેઅનેતેત્રીસકોટીદેવતાઓનોજેમાંવાસછે તેવી ગાયમાતાની સારી સારી સાર સંભાળ થઈ શકેતેવાશુભહેતુથીવિચારણાકરવામાટે બગસરા શહેરના તમામ આગેવાનો અને તમામ જાહેર સંસ્થાઓ આગેવાનો અને હોદેદારો તેમજ અઢારે વરણના પ્રમુખશ્રીની તેમજ ધર્મપ્રેમી ભાઈઓની અગત્યની મિટિંગ ગૌરક્ષક સમિતિ તથા આરોગ્યરક્ષક સમિતિદ્વારા સ્વામીના અધ્યક્ષસ્થાનેતા ૨૮/૧૧ને ગુરૂવારે રાત્રીના નવ કલાકે જૂનું સ્વામિનારાયણ મંદિર બંગલી ચોક ખાતે રાખેલછે

### પહેલા પાનાનું. બાબાપુર બેંક

મોહનલાલ બલાઈએ તાલુકા પોલીસમાં ચોરીનો પ્રયાસ કરનાર ચોર સામે ગુનો નોંધાવતા પોલીસ સ્ટેશન ઓફિસર શ્રી પ્રેમીલાબેન બાવળીયાએ ગુનો નોંધ્યો છે એ.એસ.આઈ એમ ડી જોશી એ તપાસ શરૂ કરી છે.

### છેલ્લા પાનાનું. ગેંગ રેપ

અપરણીત હોય તમામે તેણી ઉપર દુષ્કર્મ આચરવાનું કાવતરૂ રચી અને આરોપી નં.૩ અનીલ વિનુદેસાઈએ તેણી સાથે લગ્ન કરવાના બહાને તેણીને કુંકાવાવમાં આરોપી નં.૧ પ્રિતેશના ઘરે લઈ જઈ ગયેલ હતો જયા પ્રિતેશે તેણીને બળજબરી થી સુવડાવી અને તેના શરીરે પોતાના મોઢેથી બચકાઓ ભરી તેમજ તેણીના માથાના વાળ પકડી ગાલ પર માર મારી અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપીને બળજબરી પુર્વક શરીર સંબંધ બાંધેલ હતો.આ દુષ્કર્મ બાદ દકુ ઉર્ફે નયન રામજી વેકરિયા અને જે લગ્ન કરવા લાવ્યો હતો તેઅનીલે બળજબરી પુર્વક શરીર સંબંધ બાધેલ તથા ચોથા નંબરના આરોપી સોમા હરપાલ આલાણીએ તેણીના શરીરે અડપલા કરી અને તમામે તેણી સાથે સામુહીક બતાત્કાર કરી બળજબરી પુર્વક નિર્વસ્ત્ર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.લગ્નની લાલચ આપીને મકાન બતાવવાના બહાને કુંકાવાવના ચાર શખ્સો જેમા પ્રિતેશ રસિકભાઈ આસોદરિયા,નયન રામજીભાઈ વેકરીયા,અનિલ વિનુભાઈ દેસાઈ,સોમા હરપાલભાઈ આલાણી એ વારાફરતી દુષ્કર્મ આંચરી આ સગીરાના શરીરે બળજબરી કરી ને બટકા ભરી વાળ ખેંચી પિંખી નાખી અમાનવીય કૃત્ય કરનારા આ ચારેય નરાધમો વિરુદ્ધ વડિયા પોલીસ દ્વારા પીડિત મહિલા ની ફરિયાદ ના આધારે બીએનએસની કલમ,૬૧,૭૦(૧),૧૧૫(૨),૬૪(૨)ન, ૭૬,૭૫(૨),૩૫૧(૩),૩૫૨,૩(૫),તથા એસ્ટ્રોસીટી એકટ કલમ - ૩(૨)(૫), ૩()(૧) મુજબ ગુનો નોંધી આ તપાસ ડિવાયએસપી શ્રી પી. આર. રાઠોડ ને સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા બનાવના સ્થળે એફએસએલ તપાસ નો સહારો લઈ આગળની તપાસ હાથ ધરી છે તો તેમાંથી બે આરોપીઓની પોલીસે અટકાયત કરી છે જયારે અન્ય બે આરોપીઓ પોલીસ પકડ થી દૂર છે ત્યારે ડિવાયએસપી શ્રી રાઠોડ ના માર્ગદર્શન માં વડિયા પીએસઆઈ દવે દ્વારા અલગ અલગ ટીમો બનાવીને તેમની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.જાણવા મળતી અને લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ આ દુષ્કર્મ કેસ રાત્રી સમયે એક રહેણાંક મકાન માં કુંકાવાવ ગામ મધ્યે બનેલો હતો.

### સંરક્ષણ દળમાં જોડાવા ઉમેદવારો માટે નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગ

અમરેલી,રાજ્યના યુવાનો સંરક્ષણ દળ, પોલીસ દળમાં ભરતી થવાના હોય તેમને તાલીમ મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજય સરકારના રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. અમરેલી જિલ્લા રોજગાર દ્વારા જિલ્લાના ઉમેદવારો માટે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન છે. શારીરિક તેમ જ માનસિક રીતે સક્ષમ, ઉંમર ૧૭.૫ થી ૨૩ વર્ષ સુધી અને ધોરણ ૧૦ પાસ કે તેથી વધુ હોય તેમજ સંરક્ષણ દળમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારોને રહેવા, જમવા તથા શારીરિક અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે. રોજગાર કચેરી ખાતેથી વિનામૂલ્યે નિયત અરજી ફોર્મ મેળવી, જરુરી વિગતો મોકલી આપવી.

## સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ દ્વારા ડગ્લાસમાં દિવાળી ઉત્સવ ઉજવાયો

**૯૫૦ થી વધુ સૌરાષ્ટ્રવાસીઓ સહિતની ઉપસ્થિતી : ડગલાસની ધરતી ઉપર સૌરાષ્ટ્રનો માહોલ સર્જાદીધો**



અમરેલી, (યોગેશ ગણાત્રા)

સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજ (SPCS) એ ટેકસાસના ડલાસમાં દીવાળી ઉત્સવનું આયોજન કર્યું હતું, જેમાં ૯૫૦થી વધુ સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પ્રમુખ પ્રશાંત ગજેરા, ઉપપ્રમુખ જિતેન્દ્રભાઈ કુંનડિયા, જયસુખભાઈ હિરપરા અને વીરલ તારપરા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ડલાસ અને કોમ્યુનિટીમાં વિશેષ હાઈલાઈટ બન્યું હતું. ટેકસાસમાં સૌરાષ્ટ્ર પટેલ કોમ્યુનિટીના મોટા પ્રમાણમાં સભ્યો રહે છે. ટ્રસ્ટી ધવલભાઈ સતાણી અને કિશોરભાઈ કોલડિયાની પ્રેરણાદાયક ભાષણોએ તમામ સભ્યોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, જીઁભજી ટેકસાસના પ્રમુખ પ્રશાંતભાઈ ગજેરાએ રાષ્ટ્રીય સ્તરે ટેક્સાસ ઓસ્ટિન ચેપ્ટરની સ્થાપના કરી છે, જે ઓસ્ટિન અને આસપાસના વિસ્તારોમાં સૌરાષ્ટ્ર પટેલ જોડશે. ઓસ્ટિન ચેપ્ટરના સ્થાનિક કાર્યકારી સમિતિના પ્રમુખ લલિતકુમાર સતાસિયા, સચિવ તલસી ગઢિયા અને ખજાનચી મહેન્દ્ર માવાણી છે. આ નવી ચેપ્ટર દ્વારા ઓસ્ટિનમાં સૌરાષ્ટ્ર પટેલ સમુદાયના સભ્યોને સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોમાં જોડાવાની તક મળશે, જે સમુદાયની એકતા અને સંસ્કૃતિના સંવર્ધન માટે મહત્વપૂર્ણ છે. ડલાસના તમામ ગુજરાતી સમુદાય માટે અગ્રણી નેતૃત્વ કોલડિયા અને પ્રશાંત ગજેરા તથા તેમની ટીમ દ્વારા પૂરૂં કરવામાં આવશે. અરમાન કોલડિયા, જેમણે ૨૦૧૨-૨૦૧૪ દરમિયાન જીઁભજી-ઠ ડલાસના પ્રમુખ તરીકે સફળતાપૂર્વક સેવા આપી હતી.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૮-૧૧-૨૦૨૪ ગુરૂવાર

# બિશ્રોઈના આતંક સામે પોલીસ કશું ના કરી શકે એ કેવી લાચારી ?

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૩ ડિસેમ્બરે ચંદીગઢની મુલાકાતે જવાના છે પણ એ પહેલાં મંગળવારે સવારે સેક્ટર-૨૬માં બે ક્લબની બહાર થયેલા બે બોમ્બવિસ્ફોટોના કારણે ખળભળાટ મચ્યો છે. સેવિલે બાદ જોરદાર વિસ્ફોટ હતો. ધુમાડો વધતાં જ યુવક ત્યાંથી ભાગી ગયો હતો. આ પછી બંને ડી'ઓરા ક્લબની બહાર બોમ્બ ફેંકવા ગયા હતા. આ બંને ક્લબ વચ્ચે લગભગ ૩૦ મીટરનું અંતર છે.

લોરેન્સ ગેંગના ગેંગસ્ટર ગોલ્ડી બ્રારે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને બ્લાસ્ટની જવાબદારી લેતાં લખ્યું છે કે, બાદશાહે ખંડણી એટલે કે પ્રોટેક્શન મની આપતાં ચીમકી આપવા બ્લાસ્ટ કરાયા છે. બાર અને લાઉન્જ ક્લબ તથા ડી'ઓરા રેસ્ટોરન્ટની બહાર વહેલી સવારે થયેલા બ્લાસ્ટમાં સદભાગ્યે કોઈને જાનહાનિ થઈ નથી પણ વિસ્ફોટમાં સેવિલે બાર એન્ડ લોન્જ અને ડી'ઓરા ક્લબની બહારના કાચ તૂટી ગયા હતા. વડા પ્રધાનની યાત્રાને ગણીને અઠવાડિયું બચ્યું છે. ત્યારે ચંદીગઢમાં બ્લાસ્ટ થાય તેના કારણે કાયદો અને વ્યવસ્થાની વ્યવસ્થા સામે તો સવાલ ઉઠ્યા જ છે પણ લોરેન્સ બિશ્રોઈ ગેંગની વધતી દાદાગીરીનો મુદ્દો પણ ચર્ચામાં છે કેમ કે આ બંને બ્લાસ્ટની જવાબદારી લોરેન્સ બિશ્રોઈ ગેંગે સ્વીકારી છે. ચંદીગઢમાં જ્યાં વિસ્ફોટ થયો હતો એ પોશ વિસ્તાર છે. આ બંને ક્લબની નજીકમાં શાકમાર્કેટ છે. ઘણી કેન્દ્રીય સંસ્થાઓ નજીકમાં છે. પોલીસલાઈન અને સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન પણ છે ને છતાં બ્લાસ્ટ કરવાની હિંમત કરાઈ એ મોટી વાત છે. નરેન્દ્ર મોદી ત્રીજીએ ચંદીગઢ આવવાના છે તેથી પોલીસ એલર્ટ મોડ પર છે. પીએમની સુરક્ષા ટીમ પણ એક-બે દિવસમાં ચંદીગઢ આવવાની છે. આ કારણે પોલીસ વધારે સતર્ક હતી છતાં પોશ વિસ્તારમાં કરીને આ બ્લાસ્ટ કરનારાંએ પોલીસનું નાક વાઢી લીધું છે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ બ્લાસ્ટની ઘટના એટલે પણ ચર્ચામાં છે કે, પ્રખ્યાત રેપર બાદશાહ સેવિલે બાર અને લાઉન્જ ક્લબના માલિકોમાં ભાગીદારી છે. સેવિલે બાર એન્ડ લોન્જના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પણ ઉલ્લેખ કરાયો છે કે આ રેસ્ટોરન્ટ રેપર બાદશાહની માલિકીની બાદશાહનું ઈન્સ્ટા આઈડી પણ સાથે ટેગ કરાયું છે. બીજી રેસ્ટોરન્ટ પણ બાદશાહની માલિકીની છે. વહેલી સવારે માસ્ક પહેરેલા આરોપીઓ સેક્ટર-૨૬ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવ્યા અને બાઈક સ્લીપ રોડ પર પાર્ક કર્યા પછી પહેલાં તેમણે સેવિલે બાર અને લોન્જની બહાર ક્રૂડ બોમ્બ ફેંક્યો. આ ઘટના સીસીટીવીમાં દેખાય છે કે, સવારે વાગ્યે એક યુવકે ક્લબ તરફ બોમ્બ જેવી વસ્તુ ફેંકી હતી. આ સોશિયલ મીડિયા પોસ્ટમાં લોરેન્સ ગેંગના ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારા ૨ બ્લાસ્ટની જવાબદારી લે છે એવું લખીને કહેવાયું છે કે, આ બંને ક્લબના માલિકોને પ્રોટેક્શન મની માટે મેસેજ કરવામાં આવ્યો હતો પણ તેમણે અમારા મેસેજને નકાર્યા. તેમના કાન માટે આ ધડાકા કરવામાં આવ્યા હતા. જે કોઈ અમારા કોલ્સને અવગણી રહ્યા છે તેણે સમજી લેવું જોઈએ કે આનાથી મોટું કંઈક થઈ શકે છે. ચંદીગઢ સાયબર પોલીસે આ પોસ્ટની તપાસ શરૂ કરી છે. બીજી તરફ બ્લાસ્ટની પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ઘટનામાં જે બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો તેમાં ખીલા અને જ્વલનશીલ સામગ્રી ભરેલી હતી. આ બધી વસ્તુઓ પણ સ્થળ પરથી મળી આવી છે. પોલીસ માની રહી છે કે, દેશી બનાવટના બોમ્બ એટલે કે સૂતળી બોમ્બમાં ખિલા ભરીને ક્રૂડ બોમ્બ બનાવાયા હતા. ચંદીગઢમાં પહેલી વાર આ હુમલો થયો નથી. આ પહેલાં લગભગ બે મહિના પહેલાં ચંદીગઢના સેક્ટર-૧૦ના વિસ્તારમાં એક રિટાયર્ડ પ્રિન્સિપાલ ભૂપેશ મલહોત્રાના ઘર પર ગ્રેનેડ હુમલો થયો હતો. આ બ્લાસ્ટના કારણે ઘરમાં ૭થી ૮ ઈંચનો ખાડો પડી ગયો હતો. બારીઓના કાચ તૂટી ગયા હતા. આ હુમલો કરનારા ત્રણ હુમલાખોર એક ઓટોમાં આવ્યા હતા અને ઘટના બાદ એ જ ઓટોમાં ફરાર થઈ ગયા હતા. ગોલ્ડી બ્રાર છે તેમ લોરેન્સ બિશ્રોઈ ગેંગે બ્લાસ્ટ કરાવ્યો હોય તો એ ચંદીગઢ પોલીસ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય. લોરેન્સ બિશ્રોઈ અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે ને એ ત્યાં બેઠો બેઠો ખંડણી માગી શકે, ખંડણી માટે બ્લાસ્ટ કરાવી શકે એ જોતાં લોરેન્સ બિશ્રોઈ કાયદાથી પર છે ને ખુલ્લેઆમ મજાક ઉડાવી રહ્યો છે એવું લાગે. લોરેન્સ બિશ્રોઈએ એ પહેલાં સલમાન ખાનને ધમકી આપીને તેના ઘર પર ફાયરિંગ કરાવ્યું હતું. બિશ્રોઈ સમાજ માટે પવિત્ર મનાતા કાળિયારના શિકારના કેસમાં સલમાન ખાન દોષિત ઠર્યો છે. લોરેન્સ બિશ્રોઈએ સલમાનને આ મહાપાપ બદલ જોધપુર આવીને બિશ્રોઈ સમાજની મહાપંચાયત સામે માફી માગવા કહેવું. સલમાને માગવાનો ઈન્કાર કરી દીધો હતો. તેના પગલે લોરેન્સ બિશ્રોઈએ સલમાનને ધમકી આપેલી અને પછી સલમાન ખાનના ઘર પર ફાયરિંગ પણ કર્યું હતું. લોરેન્સે સલમાનની નજીકનાં લોકોને પણ પોતે પતાવી દેશે એવી ધમકી આપેલી. બાબા સિદ્દીકી સલમાન ખાનના ખાસ માણસોમાં એક હતા. બિશ્રોઈના આતંક સામે પોલીસ કે સત્તાવાળા કશું ના શકે એ કેવી લાચારી કહેવાય?

### ઘરેથી બાબરા માંડવીનો પાલો લેવા જઇ રહેલા ઢસાના ખેડૂને અકસ્માત

# લાઠીના હિરાણાના પાટીયે અકસ્માત : ખેડૂતનું મૃત્યુ

## લાઠીથી અમરેલી અને રાજકોટ બાદ અમદાવાદ ખાતે સારવાર દરમિયાન મોત થયાનું પોલીસમાં જાહેર

અમરેલી, ગઢડાના ઢસા ગામે રહેતાં હર્ષદભાઈ ઘનશ્યામભાઈ ટીહલા ઉ.વ.૨૭એ લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે પોતાને એક દિકરો અને દિકરી છે અને મજુરી કામ કરી જીવન નિરવાહ કરે છે. ગઈ તા.૩૦-૧૦-૨૪ના રોજ સાંજના ૭-૩૦ કલાકે ઢસા ગામે આવેલ પંચરની દુકાને જતાં હતાં તે દરમિયાન બાજુની દુકાનવાળા લાલભાઈ ગોહિલ મારી પાસે આવેલા અને કહેલ કે તારા કાકા વિનોદભાઈનું હિરાણાના પાટીયા પાસે એકસીડેન્ટ થયેલ છે તું ત્યાં જા તેથી હું મારી રીક્ષા લઈને હિરાણાના પાટીયે પહોંચેલ ત્યાં ઘણા માણસો એકત્ર થઈ ગયેલા અને રોડની સાઈડમાં મારા કાકાનું મોટર સાયકલ પડયું હતું, અને હું કાકાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લાઠી લઈ ગયેલ જેથી મારી રીક્ષા લઈને સરકારી દવાખાને આવેલ અને ત્યાં જોયું તો દવાખાનામાં ઈમરજન્સી વોર્ડમાં સ્ટેચર ઉપર મારા કાકાને સુવડાવ્યા હતાં અને તેને શરીરના જમણી આંખે લાગ્યું હતું. તેમને બોલવતાં કોઈ જવાબ આપતાં ન હતાં. માથાના પાછળના ભાગે લોહી નિકળતું હતું. તેમને વધુ સારવાર માટે અમરેલી રિફર કરતાં સારવારમાં હતાં તે દરમિયાન અમારા ફઈના દિકરા પ્રતિક નિલેશભાઈ મકવાણા અને મારા ફઈ હંસાબેન નિલેશભાઈ મકવાણાએ આવી ગયા હતાં અને મારા કાકા વિનોદભાઈને રાજકોટ પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાનું કહેતા અમરેલીથી એમ્બ્યુલન્સ ભાડે કરી સારવારમાં રાજકોટ લઈ ગયેલ સારવાર આપ્યા બાદ વિનુભાઈને ઓપરેશન કરી વેન્ટીલેટર ઉપર રાખવાનો ખર્ચ વધુ હોય તેથી અમદાવાદ સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ અને સારવાર દરમિયાન મારા કાકી અલ્કાબેન જે વિનોદભાઈ ટીહલાના પત્ની છે તેનો ફોન આવેલ અને વાતચીત થઈ કે તારા કાકા ગઈકાલે બપોર પછી તેના મિત્ર ભાવેશ ભોળાભાઈ ધગલનું મોટર સાયકલ લઈ બાબરા માંડવીનો પાલો રાખવા માટે ગયેલ અને બીજે દિવસે અમારા સબંધીઓ કાકાનું બાઈક લેવા જતાં જાણવા મળેલ કે મારા કાકાના મોટર સાયકલ સાથે અકસ્માત કરેલ મોટરસાયકલનો નંબર જી જે ૧૪ બીબી ૮૪૯૮ના ચાલક યશવંત ડાયાભાઈ સોલંકીએ અકસ્માત કરેલો અને અમદાવાદ મારા કાકાની સારવાર શરૂ હતી તે દરમિયાન કાકા મરણ જતાં લાશનું પીએમ કરાવી અમારા ગામે લાવી અંતિમ વિધી કરેલ. આ અંગે અમદાવાદ પોલીસે કાર્યવાહી કરી લાઠી પોલીસને કાગળો લાવતાં ફરિયાદ કરેલી.

# અમરેલી જીલ્લામાં મકાનો ભાડે આપી પોલિસને જાણ ન કરતાં ૮ મકાન માલિકો સામે ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં પોતાના મકાનો ભાડે આપી પોલિસને જાણ નહી કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરતા ૮ મકાન માલિકો સામે પોલિસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સાવરકુંડલા મણિનગરમાં જેબુનબેન યુનુસભાઈ ચૌહાણ, સાવરકુંડલા ખોડીયારચોક શ્રીજીનગરમાં શિવ કુમાર દુખિત ભગત પ્રશાંત, સાવરકુંડલા મફતપરા શ્રમજીવીનગરમાં મહેશ નટુભાઈ હરસોરા, રાજુલા ભેરાઈ રોડ નારાયણ મોલ પાછળ બજરંગ હાઈટ ફ્લેટમાં ભરત બાવચંદભાઈ ડોડીયા, રાજુલા ભેરાઈ રોડ વનરાવન સોસાયટીમાં ભોળા લાખાભાઈ કાતરીયા, રાજુલા ગોકુળનગરમાં શાંતિલાલ હરિશંકરભાઈ જોશી, રાજુલા ગોકુળનગરમાં ગાંડા જીણાભાઈ લાખણોત્રા, બાબરાના અમરાપરા મફત પ્લોટમાં વિજય પરષોતમભાઈ કુકડીયાએ ભાડુઆત પાસેથી કોઈ આધાર પુરાવા કે ભાડા કરાર નહી કરી મકાન ભાડે આપ્યા અંગેની પોલિસમાં જાણ ન કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતા પોલિસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# નાની કુંડળમાં સોદો કરેલ જમીનનો અન્યોના નામે દસ્તાવેજ કરી આપ્યો

## ૨૨ લાખ બાનાખત પેટે આપેલ હોવાનું જાણવા છતા અન્યોના નામે દસ્તાવેજ કરી દીધો

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર) બાબરા તાલુકાના નાની કુંડળ ગામે અમરેલી પોલિસ હેડ કવાર્ટરમાં નોકરી કરતા શારદાબેન પ્રેમજીભાઈ તે બાબુભાઈ નથુભાઈ મકવાણાના પત્નિએ નાની કુંડળના મુકેશ લીંબાભાઈ ભાલીયાએ પોતાના માલિકી ખેતરની જમીન નાની કુંડળ ગામની રેવન્યુ સર્વે નં.૩૮/૨ પૈકી ની હે.આરે.ચો.મી.૦૧-૬૧-૮૮ તથા સર્વે નં.૩૯ ની હે.આરે.ચો.મી.૩-૨૩-૭૫ ની જમીન વેચાણ રાખવાનો વેચાણ સોદો રૂા.૩૦,૦૦૦,૦૦ માં થયેલ હોય. અને ફરિયાદીએ મુકેશને બાનાખત પેટે રૂા.૨૨,૦૦૦,૦૦ આપેલ હોય. તેવું ભરતદાન દેવીદાન બાલીયા રહે. ગાંધીગ્રામ જી.રાજકોટ, માવજી રામભાઈ મકવાણા રહે. ઈતરીયા, તા.ગઢડાવાળાઓ જાણતા હોવા છતા મુકેશ સાથે મળી ઉપરોકત જમીનનો દસ્તાવેજ ભરતદાન દેવીદાન બાલીયા તથા માવજી રામભાઈ મકવાણાને મુકેશે કરી આપી ત્રણેય આરોપીઓએ શારદાબેન બાબુભાઈ મકવાણા સાથે રૂા.૨૨,૦૦૦,૦૦ની છેતરપીંડી કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### દાગીના ભરેલી થેલી મંડપમાંથી ચોર સેરવી ગયો

# અમરેલીમાં લગ્નના મંડપમાંથી કન્યાદાનમાં આપવાના સોનાના દાગીના ચોરાઇ ગયા

## સોના ચાંદીના દાગીના મળી રૂા. ૨,૬૩,૮૦૦ના દાગીના ધ્યાનચુકવી ચોરી ગયાની ફરિયાદ

અમરેલી, અમરેલીમાં લગ્ન પ્રસંગે ૨,૬૩,૮૦૦ ના દાગીના ભરેલ થેલી કોઈ અજાણ્યો શખ્સ ઉઠાવી ગયાની ફરિયાદ તાલુકા પોલિસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર ગણેશ પાર્ટીપ્લોટ ખાતે પીજીવીસીએલ ઝેટકોના ઓપરેટર રાજેશભાઈ હરીભાઈ રેણુકા ઉ.વ.૫૫ ની દિકરીના લગ્ન હોય. અને તેની જાન મોરબીથી અમરેલી આવેલ હોય. તે લગ્ન પ્રસંગ અમરેલીના ગણેશ પાર્ટીપ્લોટ લાઠી રોડ રાખેલ. અને રાજેશભાઈ હરીભાઈ રેણુકાએ પોતાની દિકરીને કન્યાદાનમાં આપવા માટે એક સોનાનો સેટ બુટી સાથે સવા ત્રણ તોલાનો જેની કિંમત આશરે રૂા.૧,૮૦,૦૦૦ તથા એક સોનાનો ચેઈન પેન્ડલ સાથે આશરે રૂા.૧.૪૦ તોલાનો જેની કિંમત ૮૦,૦૦૦ તથા ચાંદીનો કંદોરો આશરે ૬૦ ગ્રામ જેની કિંમત ૨૦૦૦ તથા ચાંદીની ગાય, તુલસીનો કયારો, ગણપતિ એમ મળી ૧૦ ગ્રામ જેની કિંમત રૂા.૧૮૦૦ એમ મળીને કુલ રૂા.૨,૬૩,૮૦૦ ના ઘરેણા પોતાની પત્નિ પાસે થેલીમાં રાખેલ હોય. તે થેલી પોતાની પોતાના પગ પાસે મંડપમાં રાખેલ હોય. તે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ગણેશ પાર્ટી પ્લોટમાં પ્રવેશ કરી લગ્ન મંડપમાં આવી રાજેશભાઈ રેણુકાના પત્નિનું ધ્યાન ચુકવી થેલી સહિત સોના ચાંદીના ઘરેણાની ચોરી કરી લઈ ગયા અંગે રાજેશભાઈ રેણુકાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલિસે ધોરણસર કાર્યવાહી કરી તપાસ જે.કે. પાંડવ પી.એસ.આઈ. અમરેલી તાલુકા પોલિસ ચલાવી રહયા છે.

### અમરેલી જેસીંગપરાની સીમમાંથી ત્રણ મોબાઈલ ચોરાયા

અમરેલી, અમરેલી જેસીંપરા સીમ વિસ્તારમાં રાજેશભાઈ રમેશભાઈ પોકળની વાડીના મકાનમાં તથા બહાર રાત્રિના સુતા હતા. તે દરમ્યાન તા.૨૫-૧૦ ના રાત્રિના ૧૦ થી તા.૨૬-૧૦ ના વહેલી સવાર દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા ચોર શખ્સોએ મકાનમાં પ્રવેશ કરી ઓપો કંપનીનો જુના જેવો મોબાઈલ રૂા.૪૦૦૦ તથા દિકરા રવિનો રેડમી કંપનીનો રૂા.૩૦૦૦ ની કિંમતનો મોબાઈલ તથા જમાઈ દિપકભાઈનો વન પ્લસ મોબાઈલ રૂા.૭૦૦૦ ની કિંમતનો મળી કુલ ત્રણ મોબાઈલ રૂા.૧૪,૦૦૦ ની કિંમતના મકાનમાં પ્રવેશ કરી ચોરી કરી ગયાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# નાની કુંડળમાં રાજકોટના પ્રૌઢ સાથે અન્યોના નામે જમીનનો દસ્તાવેજ કરી છેતરપીંડી કરી

## બે અલગ અલગ જમીનનો સોદો થતા બાનાખત કરી અન્યોને દસ્તાવેજ કરી રૂા.૮,૭૪,૨૩૮ની છેતરપીંડીની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર) રાજકોટના ખીમાભાઈ પાંચાભાઈ ડાકી ઉ.વ.૩૯એ બાબરા તાલુકાના નાની કુંડળ ગામે મુકેશ લીંબાભાઈ ભાલીયાની માલિકીની ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.૩૯ પૈકી ૫/પૈકી ૧ ની હે.આરે.ચો.મી.૦૦-૮૦-૯૪ ની વેચાણ રાખવાનો વેચાણ સોદો રૂા.૬,૨૩,૨૩૮ માં બાનાખત કરી ખીમાભાઈના ફુવા લીલાભાઈ અરશીભાઈ ઝોરાના નામે દસ્તાવેજ કરી આપવા જતા મુકેશે બાનાખત કરી આપેલ ન હોય. તેમજ રાણા નથુભાઈ બાખલકીયાને મુકેશે દસ્તાવેજ કરી આપી બંને આરોપીઓએ ખીમાભાઈ પાસેથી રૂા.૬,૨૩,૨૩૮ મેળવી મિલાપીપણું કરી છેતરપીંડી કરવાના ઈરાદે જમીન વેચાણ આપવાની ખોટી લાલચ અને પ્રલોભન આપી વિશ્વાસઘાત કરી ગુનો કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં ખીમાભાઈ પાંચાભાઈ ડાકી સાથે મુકેશ લીંબાભાઈ ભાલીયાએ તેઓની માલિકીની ખેતીની જમીન રેવન્યુ સર્વે.૩૯ ની હે.આરે. ચો.મી.૩-૩૩-૭૫ ની જમીન વેચાણ રાખવાનો સોદો રૂા.૩૭,૩૯,૩૫૧ નું બાનાખત કરી આપી મુકેશ લીંબાભાઈ ભાલીયાએ ખીમાભાઈને બાનાખત બનાવી આપેલ. તે સમયે મુકેશે આ જમીનનું ટાઈટલ કલીયર તાત્કાલિક દસ્તાવેજ કરી આપવાના બદલે ભરતભાઈ દેવીદાન બાલીયા રહે.રાજકોટ તથા માવજી રામભાઈ મકવાણાને પણ વેચી દસ્તાવેજ બનાવી આપી ખીમાભાઈ પાસેથી રૂા.૨,૫૧,૦૦૦ લઈ છેતરપીંડી કરી ગુનો કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના બે બનાવો

## સાવરકુંડલાના નાળમાં પરીણીતાનું ગળાફાંસો ખાઈ જતા, રાંઢીયામાં વૃધ્ધનું પડી જતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે અમરેલી જીલ્લામાં વધુ બે અપમૃત્યુંના બનાવો પોલિસમાં જાહેર થયા હતા. જેમાં સાવરકુંડલાના નાળમાં પરીણીતાનું ગળાફાંસો ખાઈ જતા, રાંઢીયામાં વૃધ્ધનું પડી જતા મોત નિપજયું હતું. સાવરકુંડલા તાલુકાના નાળ ગામે કિરણબેન અજયભાઈ ખંઢેલા ઉ.વ.૩૦ ને પતિ અજયભાઈ ગભરૂભાઈ ખંઢેલા સાથે તા.૨૨-૧૧ ના બપોરના નજીવો ઝગડો થયેલ હોય. અને પોતે પિયર જતા રહેલ હોય. જેથી પતિ અજય તેને તા.૨૫-૧૧-૨૪ ના તેડી આવતા પોતાને સારૂ નહી લાગતા તા.૨૬-૧૧ ના વહેલી સવારે પોતાના રહેણાંક મકાને રૂમમાં છતના ઠેલ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું પતિ અજયભાઈ ખંઢેલાએ વંડા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં મુળ રાંઢીયા ગામના હાલ અમદાવાદના કરશનભાઈ મેરામભાઈ સોલંકી ઉ.વ.૯૧ તા.૮-૧૧-૨૪ ના રાંઢીયા ગામે પોતાના ઘરે લઘુશંકા કરવા ઉઠેલ હોય. અને પગથીયું ચુકી જતા નીચે પડી જતા માથાના ભાગે તેમજ ડાબા પગના ઝાંગના ભાગે ઈજા થતા ફેકચર થયેલ. જેમની પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવી ત્યાંથી અમદાવાદ એમ.જી.હોસ્પિટલ મણીનગર ખાતે ટ્રોમા સેન્ટરમાં દાખલ કરેલ. જયાં સારવાર દરમ્યાન તા.૧૦-૧૧ ના મોત નિપજયાનું મોહનભાઈ કરશનભાઈ સોલંકીએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# જાફરાબાદમાં પૈસા પ્રશ્ને પ્રૌઢ ઉપર હુમલો

અમરેલી, જાફરાબાદ રજા મસ્જિદ પાસે લાઈટહાઉસ રોડ પર તા.૨૫-૧૧ ના રાત્રિના ૧૦:૩૦ કલાકે ઈરફાનભાઈ રહેમાનભાઈ મન્સુરી ઉ.વ.૪૫ ને ૧૫ દિવસ પહેલા અબ્દુલ કાદીર અફઝલભાઈ મન્સુરીને ઘડીયાળ વેચવા માટે મજુરી કામે લઈ ગયેલ હોય. તે મજુરી કામના પૈસા ઈરફાનભાઈએ આપી દીધેલ હોય. તેમ છતા મજુરી કામના પૈસા આપેલ નથી. તેવી ખોટી વાત કરતા હોય. જેથી ઈરફાનભાઈ અબ્દુલ કાદીરને સમજાવવા જતા સારૂ નહી લાગતા ઉશ્કેરાઈ ઝપાઝપી કરી માથાના ભાગે ડાબી બાજુ કોઈ લોખંડની વસ્તુ મારી સાત ટાંકા જેવી ઈજા કરી ગુનો કર્યાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# નાની કુંકાવાવમાં પ્રૌઢ ઉપર હુમલો

## એક શખ્સે છરી વડે ગળાના ભાગે ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર) નાની કુંકાવાવ ગામે તા.૨૫-૧૧ ના સાંજના ૭:૦૦ વાગ્યે મોટી કુંકાવાવના મનસુખભાઈ અમરાભાઈ દાફડા ઉ.વ.૪૦ તથા નાની કુંકાવાવના રામજી મેઘજીભાઈ જાદવના ઘરે જમવાનો પ્રોગ્રામ રાખેલ હોય. અને મનસુખભાઈએ માછલીનું શાક બનાવી તેનો ટેસ્ટ કરવા રામજીને આપતા શાકનો ટેસ્ટ કરીને કહેલ કે શાક બરાબર બનાવેલ નથી. જમવાની મજા નહી આવે. તેમ કહી મનસુખભાઈ સાથે ઝગડો કરી ગાળો બોલી ઘરમાંથી છરી કાઢી મનસુખભાઈને ગળાના ભાગે ડાબી બાજુ મારમારી ઈજા કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વાસાવડ અને વડોદરામાં પરીણીતાને ત્રાસ અપાયો

## સાસરીયાઓએ મેણાટોણા મારી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, ગોંડલ તાલુકાના વાસાવડની હાલ અમરેલી રહેતી હિનાબેન અજયભાઈ આજગીયા ઉ.વ.૨૮ના લગ્નની તા.૨૮-૧-૨૩ થી તા.૨૭-૪-૨૪ દરમ્યાન પતિ અજય કિશોરભાઈ, સસરા કિશોર નાનજીભાઈ, સાસુ કૈલાસબેન કિશોરભાઈ, દિયર ખુશાલ કિશોરભાઈ આજગીયા રહે. વડોદરાવાળાએ વાસાવડ તથા વડોદરામાં હિનાબેનને નાની નાની બાબતોમાં કામકાજ પ્રશ્ને અવાર નવાર મેણાટોણા મારી દુઃખ ત્રાસ આપી ઢીકાપાટું વડે મુંઢમાર મારી ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી મહિલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ગાંધીધામમાં ટ્રેક પર હડફેટે લેતાં પરિણીતાનું મોત

ગાંધીધામ, ગાંધીધામમાં ગોપાલપુરી પાછળ રેલવે લાઈન વિસ્તારમાં ટ્રેન હડફેટે આવી જતા પરિણીતાનું મોત થયું હતું. બનાવને પગલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકેથી મળતી માહિતી અનુસાર ગત સોમવારનાં બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં બન્યો હતો. જેમાં મરણજનાર ૨૯ વષય કિરણબા હસુભા ઝાલા એ ટ્રેન તળે ઝંપલાવી આપઘાત કરી લીધું હતુ. બનાવનાં પગલે હતભાગીનાં મૃતદેહને આદિપુરનાં સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૮.૧૧ .૨૦૨૪ , ગુરુવાર ,સંવંત ૨૦૮૧, કારતક વદ તેરસ , ચિત્રા નક્ષત્ર , સૌભાગ્ય યોગ, ગર કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે .

### ટ્વિન ફ્લેમ સંબંધો આત્મીય સંબંધનું ઉદાહરણ

બે આત્માઓના મિલાન સમા ટ્વિન ફ્લેમ સંબંધો આત્મીય સંબંધ ક્યારેક આપણી સાવ બાજુમાં થી પસાર થઈ જતા હોય છે જો કે પારખું વ્યક્તિ એ અનુભૂતિને ઓળખી જાય છે સદ્‌ગુરુ અને આપણા આત્મા ને જન્મોજન્મથી જાણતા આ બે પાત્રો હંમેશ આપણને સાચી રીતે સમજી શકે છે!! અધ્યાત્મની સફર પર નીકળેલા ભાવક સદ્‌ગુરુને પામી લે છે અને સદ્‌ગુરુ ભાવક ને - કૈક એ રીતે જ ટ્વિન ફ્લેમ સંબંધો આત્મીય સંબંધ એકબીજાને પામી જાય છે અને પામવાની જીદ તીવ્ર બને છે. મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં આવા ટ્વિન ફ્લેમ સંબંધો આત્મીય સંબંધને નજીકથી જોવાનું બન્યું છે જ્યાં બંને પાત્ર અનેક અંતરાયો પાર કરીને મળતા હોય છે અને તેમનું મિલન માત્ર શારીરિક નથી હોતું આ મિલન દિવ્ય



હોય છે. જ્યોતિષની પરિપાટીથી જોવા જઈએ તો એક કિસ્સામાં જાતકને ભરણી નક્ષત્રના ત્રીજા ચરણમાં રાહુ હતો અને કેતુ વિશાખા નક્ષત્ર ના પ્રથમ ચરણમાં હતો તેમને તેમની જોબ દરમિયાન એક વ્યક્તિની મુલાકાત થઈ અને દોસ્તી થઈ અને ત્યારબાદ એ સબંધ એકબીજાના દર્દ બાટવાનો બન્યો બંને તેમના જીવનમાં અનેક પડકારો વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા અને તેઓના મળ્યા પછી જાણે દૈવિક હીલિંગ થવા લાગ્યું અને અનેક પ્રશ્નો વચ્ચે એક દિવ્ય ખુશી મહેસુસ થવા લાગી જેના ઘણા સમય પછી બેઉની જન્મકુંડળી મેચ કરતા જણાયું કે તે બહેનને સૂર્ય ભરણી ત્રીજા ચરણના અને ચંદ્ર વિશાખા પ્રથમ ચરણના છે જે પ્રકૃતિની સટીક યોજના અને બે આત્માઓના મિલનને ઈંગિત કરે છે!! જવલ્લેજ જોવા મળતા આવા કિસ્સાઓ દિવ્ય આત્મિક બાબતોને ઉજાગર કરે છે!

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય,જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) : કામકાજમાં વ્યસ્તતા રહે , મનમાં થોડી અશાંતિ જોવા મળે,બેચેની જેવું લાગ્યા કરે , મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય,મનની વાત વ્યક્ત કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) :તમામ ભૌતિક સુખ સગવડ મળે,દિવસ આરામદાયક રહે.સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
કન્યા (પ ,ઠ ,ણ ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય,લોકો તમારી સલાહ માને અને આદર આપે , આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો ,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય ) : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે,અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : કામકાજ માં સફળતા મળે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે,શુભ દિન.
કુંભ (ગ ,સ,શ ) :અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,પ્રગતિ થાય.
મીન (દ ,ચ ,ઝ ,થ):માનસિક ટેન્શન રહ્યા કરે,કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૮૦૦ થી ૧૫૨૬ મગફળી ૮૫૦ થી ૧૨૩૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૩૦-૧૦૯૩
શિંગમોટી-૮૫૦-૧૨૩૧
શીંગફાડા-૧૦૫૬-૧૨૮૫
તલસફેદ-૧૫૨૫-૨૯૫૫
તલકાળા-૨૩૦૦-૪૪૨૫
જુવાર-૪૯૧-૮૨૪
ઘઉંટુકડા-૫૭૧-૭૦૭
ઘઉંલોકવન-૫૭૦-૬૪૧
ચણા-૭૦૦-૧૪૪૨
કપાસ-૮૦૦-૧૫૨૬
ધાણા-૧૧૮૦-૧૩૯૨
સોયાબીન-૬૫૨-૮૩૫
અડદ-૧૦૫૦-૧૫૦૦
મગ-૧૨૬૦-૧૫૯૦
મરચાલાંબા-૬૦૦-૨૫૦૦
જીરૂ-૩૪૧૦-૪૫૫૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૫૨૦
રીંગણા-૩૦૦-૪૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૬૫૦-૭૫૦
સુરણ-૮૦૦-૯૦૦
ફોદીનો-૪૦૦-૬૦૦
ગાજર-૫૦૦-૭૦૦
ગલકા-૫૦૦-૮૦૦
કાકડી-૩૦૦-૬૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૧૦૦-૨૦૦
